**<u>પ્લી લગત હુકમઃ–</u>**

૧.. ફરીયાદો પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી જાહેરમાં વગર પાસ પરમીટે દારૂનો નશો કરી, નશાની હાલતમાં લવારા બકવાસ કરતા મળી આવેલા. જેથી ફરીયાદી ૬ક્ષે આરોપી વિરૂધ્ધ સરકાર તરફે ફરીયાદ આપતાં, બોટાદ રૂરલ પોલીસ સ્ટેશનનો ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ અત્રેની કોર્ટમાં ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૬(૧)(બી) મુજબનાં ગુના સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨.. ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપી નામદાર અદાલત રૂબરૂ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવ્યા બાદ, આરોપીએ પોતાની ગુનાં કબૂલાત પુરશીશ રજુ રાખેલ છે અને આરોપીએ પોતાની સામેનો ગુનાનો એકરાર કરેલ છે અને ત્યાર બાોદ આરોપીની પ્લી લેતાં, આરોપીએ ફરીથી ગુનાનો એકરાર કરેલ છે. આરપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામાં ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમાં ફરી આવો ગુનો ન બને તેની તકેદારી રાખીશું, ગરીબ ઈસમ છીએ, જેથી દયાની અરજ ગુજારેલ છે.

૩. આમ, આરોપીની સ્વેચ્છીક ગુના કબૂલાત, આરોપીની રજુઆત, ગુંનાનું સ્વરૂપ, કેસના સંજોગો તથા આરોપીની યુવાનવય વિગેરે લક્ષમાં લેતા, તેમજ સજાની જોગવાઈ ઘ્યાને લેતા, ગુજરાત પ્ર ો. એકટની કલમ–૬૬(૧) ની સજાની જોગવાઈ જોતા તેમા ૬ માસ સુધી લંબાવી શકાય તેવી કેદની તથા રૂ.૧ ૦૦૦/– સુધીના દંડની સજાની જોગવાઈ છે. હાલના કેસમા સંજોગો જોતા, કાયદામા જેટલી સજાની જોગવાઈ કરવામાં આવેલ હોય, તેના કરતા ઓછી સજાની જોગવાઈ કરવા અંગે નામ. ગુજરાત હાઈકોર્ટ નો ડીવીઝન બેન્ચ નો ચુકાદો **નટવર હરચંદજી ઠાકોર વી. ગુજરાત રાજય ના ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯** ના સિંઘ્ધાતમા પ્રસ્થાપીત કરેલ છે કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય ત્યારે આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે. તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા નં**(૧) રમેશ ભીખાલાલ સોની વી. ગુજરાત રાજય જી.એલ.આર.૨૦૧૩(૨)૯૭૪** તેમજ (૨) **રાજેશકુમાર રતનલાલ સીઘી ૨૦૧૫(૩૮) જી.એચ.જે. પાના નં.૩૫૪** ના ચુકાદાઓમા પણ જણાવેલ ેકે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય, જેથી હાલન ા કેસમા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો ઘ્યાને લેતા હાલના આરોપીએ પ્રથમ ગુનો છે અને કુટુંબ કબીલાના માણસ છે અને આરોપીના સામાજીક તથા આર્થીક

સંજોગો જોતા આરોપીને કાયદામાં જે સજા જણાવેલ હોય તેનાથી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય રહેશે જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુ ક મ ::**

આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૨૭૫ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૬(૧)(બી) ગુનાં અંગે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો તથા રૂ.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) પુરા દંડ કરવાનો હુકમ ક રવામાં આવે છે. દંડ ન ભરે તો દિવસ–૦૭ (સાત) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીગમાંવાંચી સંભળાવી જાહેર કર્યો.

**બોટાદ** **(એન.એચ.શેખ)**
**તા. ૧૩/૧૨/૨૦૨૫** **એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, બોટાદ**
**(જી.જે ૦૦૦૮૬૩)**

પહોચ નં. થી રૂ.૩૦૦/– (અંકે ત્રણસો )
વસુલ લીધા.

તા. ૧૩/૧૨/૨૦૨૫ નાઝર